# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day  : Monday** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

************************************************

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર વિવિધ નવાં પગલાં દ્વારા આતંકવાદીઓ પર કડક કાર્યવાહી કરીને ઉદાહરણ પ્રસ્થાપિત કરશે
- ✓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે નીટ પરિક્ષામાં અનિયમિતતા માલુમ પડશે તો નેશનલ ટેસ્ટિંગ એજન્સીનાં એક પણ અધિકારીને છોડવામાં નહીં આવે.
- ✓ પોતાનું ડીપ સી મિશન ધરાવતો ભારત છઠ્ઠો દેશ બનવા માટે સજ્જ
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાની ત્રીજી મુદતમાં પ્રથમવાર 30 જૂને મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે
- ✓ ગુજરાત, ગોવા અને મહારાષ્ટ્રના કેટલાંક ભાગોમાં આગામી ચાર દિવસ માટે ગાજવીજ સાથે સામાન્ય વરસાદની હવામાન વિભાગની આગાહી
- ✓ તીવ્ર ગરમીને પગલે સાઉદી અરેબિયામાં હજ યાત્રામાં જોર્ડનનાં 14 નાગરિકોનાં મૃત્યુ

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MANOJ PANDE-AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર વિવિધ નવાં પગલાં દ્વારા આતંકવાદીઓ પર કડક કાર્યવાહી કરીને ઉદાહરણ પ્રસ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે. ગઇકાલે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતાં તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને મિશન મોડમાં કામ કરવા અને સંકલિત રીતે ઝડપી પ્રતિસાદ આપવા નિર્દેશ આપ્યો હતો. ગૃહમંત્રીએ સલામતી એજન્સીઓ વચ્ચે સંકલન, સંવેદનશીલ વિસ્તારોની  ઓળખ કરવા  અને આવા વિસ્તારોનીસુરક્ષા પર ભાર મૂક્યો હતો.

દરમિયાન,  લશ્કરી દળના વડા જનરલ મનોજ પાંડે ગઇ કાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. શ્રી શાહે જમ્મુ કાશ્મીરની સલામતી વ્યવસ્થાની અને અમરનાથ યાત્રાની સમીક્ષા માટે યોજેલી બે બેઠકોમાં હાજરી આપ્યા બાદ જનરલ પાંડેએ તેમની મુલાકાત કરી હતી. જનરલ પાંડે 30 જૂને નિવૃત્ત થઈ રહ્યા છે..

# NEET-PRADHAN

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે આ વર્ષે યોજાયેલી નીટ પરિક્ષામાં અનિયમિતતા માલુમ પડશે તો નેશનલ ટેસ્ટિંગ એજન્સીનાં એક પણ અધિકારીને છોડવામાં નહીં આવે. ઓડિશામાં સંબલપુર ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પ્રધાને ગઈકાલે જણાવ્યું કે, બે સ્થળોએ અનિયમિતતા થઈ હોવાનું જાણવા મળ્યું છે.

સરકાર આ અંગે ચિંતિત છે અને દોષિતોને છોડવામાં નહીં આવે. વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાતરી આપતાશ્રી પ્રધાને જણાવ્યું કે, સર્વોચ્ચ અદાલતની ભલામણને પગલે 1563 ઉમેદવારોની પુનઃપરિક્ષાનો આદેશ આપવામાં આવ્યો છે. જો કે તેમણે સ્વીકાર્યું હતું કે, એનટીએમાં અનેક સુધારાની જરૂર છે.

# DEEPSEA MISSION

કેન્દ્રીય ભૂ વિજ્ઞાન રાજ્ય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે, પોતાનું ડીપ સી મિશન ધરાવતો ભારત છઠ્ઠો દેશ બનવા માટે સજ્જ છે. ભૂ વિજ્ઞાન મંત્રાલય માટે 100 દિવસનાં એક્શન પ્લાનની ચર્ચા કરવા યોજાયેલી બેઠકમાં ડો. સિંહે આ પ્રમાણે જણાવ્યું હતું.

બેઠક દરમિયાન, ડોક્ટર સિંઘે ડીપ સી મિશનની પ્રગતિ અંગે ગૌરવ અને ખુશી વ્યક્તકરી હતી. તેમણે સંસ્થાઓને પોતાની આજીવિકા માટે સમુદ્ર અને તેની ઊર્જા પર નિર્ભર લોકોને સશક્ત કરવા બ્લુ ઇકોનોમી પર ધ્યાન કેન્દ્રીય કરવા જણાવ્યું હતું.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આગામી કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શેક છે. આ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એરમોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશાવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.-

# RIJIJU-KHARGE MEET

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂ  ગઇકાલે નવી દિલ્હીમાં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા. એક સોશિયલ મિડિયા પોસ્ટમાં શ્રી રિજિજૂએ જણાવ્યું હતું કે, બેઠકમાં શ્રી ખડગેએ પોતાનાં જીવનનાં કિંમતી અનુભવો રજૂ કર્યા હતા. 24 જૂનથી શરૂ થઈ રહેલા 18મી લોકસભાના પ્રથમ સત્ર પૂર્વે આ બેઠક મળી હતી.

સત્ર દરમિયાન, નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધી અને લોકસભાના અધ્યક્ષની ચૂંટણી યોજાશે. સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત સત્રને સંબોધશે. રાજ્યસભાનું સત્ર 27 જૂને શરૂ થશે. બંને સત્રોની સમાપ્તિ 3 જૂલાઇએ થશે. -

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# VC PRERNA STHAL

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડ ગઈકાલે સંસદ ભવન પરિસરમાં નવા બનેલા પ્રેરણા—સ્થળનું ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભાના ઉપ—સભાપતિ હરિવંશ નારાયણ સિંહ અને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂ પણ ઉપસ્થિત રહ્યાં હતા..

સંસદ ભવન પરિસરમાં મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓને એક જ સ્થળ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રેરણા સ્થળનું નિર્માણ કરવામાં આવ્યું છે. હવે એક જ સ્થળ પરથી મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓને એક જ સ્થળ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી શકાશે તેમ ઉપરાષ્ટ્રપતિએ ઉદઘાટન પ્રસંગે કહ્યું હતું.

# AMARNATHYATRA-HELICOPTER SERVICE

અમરનાથ યાત્રા માટે હેલિકોપ્ટર સેવાનું ઓનલાઇન બુકિંગ શરૂ થયું છે. શ્રી અમરનાથ શ્રાઇન બોર્ડે આ વર્ષની બાવન દિવસની શ્રી અમરનાથ યાત્રા માટે બાલતાલથી પહેલગાંવનાં માર્ગ માટે આ સુવિધા શરૂ કરી છે. શ્રાઇનબોર્ડે એક નિવેદનમાં જણાવ્યું છે કે, વાર્ષિક અમરનાથ યાત્રા 29 જૂનથી શરૂ થશે, જે 19 ઓગસ્ટનાં રોજ રક્ષાબંધનનાં દિવસે સમાપ્ત થશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઉત્તર કાશ્મીરનાં બાલતાલ માર્ગમાટે નીલગ્રથ-પાંતિજરાણી-નીલગ્રથ અને પહેલગાંવ માર્ગ માટે પહેલગાંવ-પાંતિજરાણી-પહેલગાંવ માટે સેવા ઉપલબ્ધ રહેશે. આ હેલિકોપ્ટર સેવા માટેનું ઓનલાઇન બુકિંગ સત્તાવાર વેબસાઇટ JKSASB.nic.in પરજ કરી શકાશે

# Eid

આજે દેશભરમાં ઇદ-અલ-અદહાની દેશભરમાં ઉજવણી થઈ રહી છે. શ્રધ્ધાળુઓ ઇદગાહ અને મસ્જિદોમાં ઇદની નમાઝ અદા કરશે. દિલ્હીમાં જામા મસ્જિદ, ફતેહપુરી મસ્જિદ અને શાહી ઇદગાહ ખાતે મુખ્ય નમાઝ  અદા કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આ પ્રસંગે રાષ્ટ્રનેશુભકામના પાઠવી છે.

# IMD- WEATHER

હવામાન વિભાગે ભીષણ ગરમીને પગલે પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ અને પશ્ચિમ બંગાળનાં કેટલાંક ભાગોમાં રેડ એલર્ટ જારી કર્યું છે. ઉત્તરપ્રદેશ, પંજાબ, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળમાં આજે ભીષણ ગરમીની આગાહી છે. દેશનાં બાકીનાં ભાગોમાં મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફારની સંભાવના નથી.

હવામાન વિભાગે ગુજરાત, ગોવા અને મહારાષ્ટ્રમાં આગામી ચાર દિવસ માટે ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી વ્યક્ત કરી છે. દક્ષિણ ભારતમાં પણ આગામી ચાર દિવસ માટે કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તામિલનાડુ, પુડુચેરી અને લક્ષદ્વિપમાં સમાન વાતાવરણ રહેવાની આગાહી છે.

# HAJ DEATH

તીવ્ર ગરમીને પગલે સાઉદી અરેબિયામાં ચાલી રહેલી હજયાત્રામાં જોર્ડનનાં ઓછામાં ઓછા 14 નાગરિકોનાં મૃત્યુ થયા છે. જોર્ડનનાં વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, અતિશય ગરમીને કારણે લુ લાગવાથી તેનાં 14 નાગરિકોનાં મૃત્યુ થયા છે અને 17 નાગરિક ગુમ છે.

ઇરાનિયન રેડ ક્રેસન્ટે તેનાં કેટલાંક નાગરિકોનાં મૃત્યુ થયાની પુષ્ટી કરી છે. જોકે તેમાં મૃત્યુ આંક નથી જણાવવામાં આવ્યો. જોર્ડનનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુમ થયેલા નાગરિકોને શોધવા માટેનું અભિયાન ચાલી રહ્યું છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જ ણાવ્યું છે કે, મૃતકોની દફનવિધી અથવા તો તેને સ્વદેશ મોકલવા તે સાઉદી સત્તાવાળાઓ સાથે સંપર્કમાં છે.

સાઉદી અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે આ વર્ષે 18 લાખથી વધુ યાત્રીઓ હજયાત્રામાં ભાગ લઈ રહ્યા છે. દર વર્ષે અહીં ધક્કામુક્કી અને તંબુમાં આગને કારણે કરૂણાંતિકા સર્જાય છે. જો કે મોટો પડકાર તીવ્ર ગરમી છે. આ વર્ષે અહીંનું તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. હજયાત્રા આ બુધવારે સમાપ્ત થઈ રહી છે.